સુવિચાર : માનવ જીવન તો આનંદ માટે જ છે.. અને જો તેવું ન હોય તો જાણવું કે જીવનમાં ક્યાંક ત્રુટી છે - જીવનસૂત્ર

IIT-NITમાં પ્રવેશ માટે સંયુક્ત સીટ ફાળવણી પ્રક્રિયા Page-6

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૫૦ | ૩૦ એપ્રિલ, ૨૦૧૫, ગુરૂવાર ; વૈશાખ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નવા સેક્ટરોમાંથી પ્રથમ મહિલા મેયર બનશે

## નવા સેક્ટરમાંથી મેયર તો જુના વિસ્તારોમાં ડે. મેયર : સંતુલિત વરણી માટે નેતાઓની આકરી કવાયત, વધુ બે સમિતિઓની રચના માટેની સક્રિય વિચારણા, ત્રણેય મહત્વના હોદ્દાઓ મહિલા સભ્યોને આપવાની વાત પણ એક તબક્કે વિચારાઈ હોવાની ચર્ચાથી ઉત્તેજના વધી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાના નવા હોદ્દેદારોની વરણીને હવે ગણત્રીના કલાકો બાકી રહ્યા છે ત્યારે દાવેદારોએ તેમની પસંદગીના આગ્રહ સાથે એડીચોટીનું જોર લગાવી દીધું છે.

બંને પક્ષો દ્વારા આ મહત્વની ચૂંટણી હોવાથી પક્ષના સભ્યોને વ્હીપ આપવા માટેની તૈયારીઓ કરી લીધી છે. બંને પક્ષો તેમના સભ્યોને વ્હીપ કાલે સાંજે જારી કરશે તેમ જાણવા મળેલ છે.

બીજી તરફ પ્રદેશ નેતાગીરીએ સ્થાનિક આગેવાનો સાથે પણ અલગથી પોતાની રીતે અભિપ્રાયો મેળવવાના પ્રયાસો હાથ ધરી કવાયત તેજ બનાવી દીધી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના સ્થાપના દિવસે જ નવા હોદ્દેદારોની વરણીને ઐતિહાસિક બનાવવા બંને પક્ષના આગેવાનો વ્યુહરચના તૈયાર કરી રહ્યા છે. બંને પક્ષને સભ્યોની તોડફોડનો ભય સતાવી રહ્યો હોવાથી પક્ષના સભ્યોને વ્હીપ આપવામાં આવશે.

શહેરના પ્રથમ નાગરિક મેયરની જગ્યા મહિલા માટેની હોવાથી બંને પક્ષના આગેવાનોએ કવાયત હાથ ધરી છે. સ્ટેન્ડીંગ કમિટીમાં વિપક્ષના સભ્યોને સ્થાન

● અનુસંધાન પાન-૭ પર



ઉનાળાની વરવી બાજુ - ધોમધખતા તાપમાં પ્રકૃતિના વૈભવસમા લીલાછમ વૃક્ષો પણ બાપડા-બિચારાની હાલતમાં સુકાયેલા નજરે પડે છે... ગાંધીનગર વૃક્ષોથી રળિયામણું લાગે છે... લીલુછમ લાગે છે... પરંતુ જેમ જેમ ગરમીનો પારો ઉચકાતો જાય તેમ ગરમીની સીધી અસર વૃક્ષો પર અનુભવાય છે... પાંદડા સુકાતા જાય છે, ખરતા જાય છે અને વૃક્ષ હાડપિંજર જેવી બિહામણી હાલતમાં સંઘર્ષ કરે છે... આ જ બોધપાઠ છે વૃક્ષ પાસેથી શીખવાનો... ગરમી, ઠંડી અને આંધી-વરસાદ સહન કરી અડીખમ ઉભા રહે છે... અને માનવજાત માટે પ્રાણવાયુ પુરો પાડે છે... આવા વૃક્ષોને પ્રણામ કરીએ અને એમના રક્ષણ માટેના શપથ લઈએ... એ જ હેતુ છે આ તસવીર રજૂ કરવાનો.... (તસવીર : કશ્યપ નિમાવત)

# સ્વચ્છતા મિશન અંતર્ગત યોજાયેલ બેઠકમાં વન વિભાગના અધિકારીની ગેરહાજરીથી કલેક્ટર લાલઘૂમ

## ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહી સઘન તો કરો શૈક્ષણિક સંકુલની આસપાસ થતા ઉકરડાઓ માટે તંત્ર સક્રીય બને

ગાંધીનગર, તા. ૨૯

સ્વચ્છતા મિશન અંતર્ગત આજે યોજાયેલ બેઠકમાં વન વિભાગના અધિકારીની ગેરહાજરીને લઈ જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે સખ્ત નારાજગી વ્યક્ત કરી અધિકારીની ગેરહાજરી અંગે ખુલાસો પુછવાના નિર્દેશ અધિકારીશ્રીને આપ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે વન વિભાગના અધિકારીશ્રીની સતત ગેરહાજરીને લઈ જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકર સખ્ત નારાજ થયા હતા. તેમણે જણાવ્યુ કે અગાઉ પણ બેઠકોની ગેરહાજરી અંગે નોટીસ આપવામાં આવી છે અને વારંવારની આવી ગેરહાજરીને લઈ તેમના વિભાગના અધિકારીઓને ધ્યાન દોરવામાં આવે.

સ્વચ્છતા મિશન સંદર્ભે આજે યોજાયેલ બેઠકમાં ગંદકી ફેલાવનારા લોકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે તેવી રજુઆત સામે તંત્રને સક્રિય થવાનો નિર્દેશ પણ તેમણે આપ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર



થેલેસિમિયાગ્રસ્ત બાળકોને પસંદગીની ચીજવસ્તુ આપવામાં આવી હતી. અમદાવાદના જુના વાડજ ખાતે રેડક્રોસમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# આજે એસટી કર્મચારીઓની હડતાળ

## મધરાતથી ૫૦ હજાર કર્મચારીઓ હડતાળમાં જોડાશે : હડતાળના પરિણામે સામાન્ય પ્રજાને કોઇ તકલીફ ન પડે તે માટે તકેદારી લેવા સૂચનાઓ : પગલા લેવાનો આદેશ

અમદાવાદ, તા.૨૯

એસટી કર્મચારીઓ આજે મધરાતથી હડતાળ ઉપર ઉતરનાર છે. જેના કારણે મુસાફરોને ભારે તકલીફનો સામનો કરવો પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. રાજ્યમાં લાખો મુસાફરો પ્રભાવિત થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. વિવિધ માંગણીઓનો લઈને એસટી કર્મચારીઓની હડતાળ પડનાર છે. આશરે ૫૦ હજાર જેટલા કર્મચારીઓ હડતાળમાં જોડાશે. બીજી બાજુ એસ.ટી. નિગમના કર્મચારી મંડળો દ્વારા આજે એક દિવસની હડતાલનું એલાન અપાયુ છે ત્યારે ફરજ પર હાજર નહિ થનાર કર્મચારીઓની એક દિવસવની પગાર કાપી લેવાશે તેઓ સ્પષ્ટ નિદેશ વાચી વ્યવહાર મંત્રી વિજય રૂપાણીએ આજે આવ્યો હતો. રોડ સેફટીનો કાયદો લાગુ પાડવા સંદર્ભે રાષ્ટ્રવ્યાપી એસ.ટી. હડતાળમા ગુજરાત એસ.ટી.નિગમના કર્મચારીઓ આ હડતાળના પરિણામે સામાન્ય પ્રજાને તકલીફ ન પડે તેવી સતત તકેદારી રાખવાની કાળજી લેવામાં આવશે. તેવી ખાતરી પણ મંત્રી વિજય રૂપાણીએ આપી છે.

પત્રકારો સાથેની વાતચીત દરમિયાન રૂપાણીએ જણાવ્યું છે કે, આજની કેબિનેટની બેઠક દરમિયાન એસ.ટી.ની હડતાળ સંદર્ભે પરામર્શ કરવામાં આવી હતી. જેમાં એસ.ટી.નિગમના વિવિધ રૂટો બંધ થવાને પરિણામે સામાન્ય જનતાને અસર થશે પરંતુ આ હડતાલની અસર ઓછી થાય તેવી વ્યવસ્થા કરવા સંદર્ભે પરામર્શ હાથ ધરવામાં આવશે. આ માટે આજે એસ.ટી.ગુજરાતના વિવિધ યુનિયન આગેવાનો સાથે બેઠક પણ બોલાવવામાં આવી હતી. આ હડતાલ રાષ્ટ્રીવ્યાપી હોવાના પરિણામે ગુજરાત પણ તેમાં જોડાયુ છે. અને સામાન્ય પ્રજાને હાલાકી ન ભોગવવી પડે તેવા પગલાઓ સંદર્ભે પરામર્શ કરવામાં આવ્યો છે.

એસ.ટી.નિગમના કર્મચારીઓ દ્વારા વિવિધ બાવન જેટલી માગણીઓ છે તે પરામર્શ કરવામાં આવ્યો છે. એસ.ટી. નિગમના કર્મચારીઓ દ્વારા વિવિધ બાનવ જેટલી માગણીઓ છે તે અંગે કામકાજ હાથ ધરવામાં આવશે. આ સંદર્ભે એસ.ટી. યુનિયનના આગેવાનો સાથે ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત વિજય રૂપાણીએ હડતાલ સ્થિતિને ધ્યાનમાં રાખી જરૂર પડશે તો એસ્મા લગાડવાની પણ વિચાર કરાશે. તેવો સંકેત પણ આપ્યો હતો.

# નેપાળ ભૂકંપ પીડિતોની વહારે મંત્રીઓ-ધારાસભ્યો

ગાંધીનગર, તા. ૨૯

નેપાળના ભયાવહ ભૂકંપ પીડિતોની સહાયતા માટે રાજ્ય મંત્રીમંડળ અને સત્તાપક્ષના ધારાસભ્યો પોતાના વેતનમાંથી પ્રધાનમંત્રી રાહતકોષમાં કુલ ૬૯ લાખ ૪૦ હજાર રૂપિયા આપશે. મુખ્યમંત્રી મંત્રીઓ, સંસદીય સચિવો અને દંડકો રૂ. ૬૫ હજાર આપશે. જ્યારે સત્તાપક્ષના ધારાસભ્યો રૂ. ૫૫ હજાર આપશે.

રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આ નિર્ણયની વિગતો આપતા કહ્યું કે નેપાળમાં આવેલા ભૂકંપને કારણે વ્યાપક નુકશાન અને મોટી જાનહાની થઈ છે ત્યારે માનવતાનો સાદ ઝીલીને ગુજરાત રાજ્યનું મંત્રીમંડળ અને સત્તાપક્ષના સૌ ધારાસભ્યો તેમની પડખે મદદ-સહાય માટે ઉભા રહ્યા છે.

શ્રી નીતિનભાઈ પટેલે કહ્યું કે મુખ્યમંત્રીશ્રી, રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, સંસદીય સચિવશ્રીઓ તેમજ વિધાનસભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સત્તાપક્ષના દંડકશ્રીઓ તેમના વેતનમાંથી રૂ. ૬૫ હજાર અને સત્તાપક્ષના ધારાસભ્યશ્રીઓએ તેમના વેતનમાંથી રૂ. ૫૫ હજાર પ્રધાનમંત્રીશ્રી રાહત કોષમાં આપશે. આ રકમનો ઉપયોગ ભારત સરકાર ભૂકંપ પીડિતોની સહાયતા માટે કરશે.

પ્રવક્તા મંત્રીએ એમ પણ જણાવ્યું કે ગુજરાતે વિપદાની આ વેળાએ નેપાળના ભૂકંપ પીડિતોને તત્કાલ મદદ-સહાય માટે ૨૫ હજાર ફૂડ પેકેટેસ ભારત સરકારના નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના સંકલનમાં રહીને મોકલ્યા છે.

ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓને પણ ભારત સરકાર દ્વારા નેપાળ ખાતે ભૂકંપ આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી સોંપવામાં આવી છે તેમ જણાવતાં શ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું કે ગુજરાત સરકાર અને ગુજરાતના સૌ નાગરિકો ભારત સરકારના માર્ગદર્શનમાં રહીને જરૂર જણાયે આ ભૂકંપ પીડિતો માટે વધુ સહયોગ માટે પણ તત્પર છે.

તેમણે કહ્યું કે નેપાળના પ્રવાસે ગયેલા ગુજરાતના યાત્રિકોને સલામત પરત લાવવાની કામગીરી પણ કેન્દ્ર સરકાર સાથે સંકલન કરીને રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર અને રાહત કમિશનર દ્વારા થઈ રહી છે.

# રાજ્યભરમાં ગરમીનું મોજુ

અમદાવાદ,તા. ૨૯

અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તીવ્ર ગરમીનું મોજુ યથાવત રહ્યું છે. આજે રાજકોટમાં પારો ૪૪.૩ સુધી પહોંચ્યો હતો જ્યારે સુરેન્દ્રનગર ૪૩.૮ સુધી પારો પહોંચ્યો હતો. કંડલા એરપોર્ટ ઉપર પારો ૪૩.૬ સુધી પહોંચ્યો હતો જ્યારે આજે રાજ્યના જુદા જુદા ભાગોમાં પારો ૪૩થી ઉપર રહ્યો હતો. ગાંધીનગર ખાતે પારો ૪૨.૩ ઉપર રહ્યો હતો. અમદાવાદ શહેરમાં હજુ પણ ગરમીનું પ્રમાણ યથાવત રહે તેવી શક્યતા છે.

CBSE & GUJ. BOARD
Private, Personal & On-line Tuitions
Sir AJIT PILLAI
Mathematics & Science
Std. 8th to 12th
Convent Class of Education : 98258 38108

જોઈએ છે
જુના કલર ટી.વી.
૧૪'', ૨૦'' અને ૨૧''
બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

